# સોલંકી યુગના સંભારણા (મુનશીની કલમે)

ડૉ. નટવરસિંહ કે. ઠાકોર

આધુનિક સમયમાં એક ઐતિહાસિક નવલકથાઓનું ખેડાણ જૂજ પ્રમાણમાં અગર તો નહિવત થતું જોવા મળે છે ગુજરાતી સાહિત્યનો સૌથી લોકપ્રિય જીવન જ ગદ્યસ્વરૂપ નવલકથા છે જે વાચકની અપેક્ષા સંતોષવાનું અને જીવંતરૂપ સૃષ્ટી દ્વારા વાચકને જકડી રાખવા નો અધિકાર ધરાવે છે આધુનિક સમયમાં તેની વાંચનભૂખ હોવા છતાં બીજા પ્રકારની કૃતિઓના સર્જન પાછળ જેટલું વળગણ ધરાવે ધરાવે છે, તેટલું ઐતિહાસીક નવલકથા પ્રત્યે ઓછું જોવા મળે છે. આધુનિક સમયમાં નવલકથાકારની કૃતિઓમાં આ જગતના ગંદવાડ, હલકાઈ, જાતીયતા વગેરે અધમગુણ લક્ષણોને જ પોતાના ચિત્રણમાં પ્રાધાન્ય આપે છે. પરંતુ નવલકથાના પ્રચલિત પ્રકારો પૈકી નોંધપાત્ર ઐતિહાસિક નવલકથાનું સર્જન પડકારરૂપ હોય છે કંઈક અંશે અઘરું છે કેમકે ઈતિહાસની યુગસ્થિતિનું આલેખન કરવાનું હોય છે તેનું યથાતથવાયુમંડળ રચી આપવાનો પ્રતીતિકર પ્રયત્ન કરવો પડે છે એટલું જ નહીં તેણે પેલા વિતેલા જમાના લોકમાનસ, રહેણીકરણી અને એમની વિચાર સંપત્તિનું વાસ્તવિક ચિત્ર આલેખવુ પડે છે જે કામ કઠિન બની રહે છે.

ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસ નથી રચાતો, પરંતુ ઐતિહાસિક આભાસ ઊભો કરી કલ્પના દ્વારા તત્કાલીન સમયને આબેહુબ જીવંત કરવા પ્રયાસ કરાતો હોય છે પરંતુ જાણે અજાણે આધુનિક સમયમાં ડોકાય છે રા.વિ.પાઠક લખે છે કે "લેખક જો ઈતિહાસીક નવલકથા લખતો હોય તો સ્વભાવિક ઉપરાંત તે અમુક અંશે વાસ્તવિકતાની ઓછીવત્તી મર્યાદા સ્વીકારે છે" ઐતિહાસિક નવલકથાએ ઈતિહાસ અને વાર્તાના યુગનું સર્જન છે તેને સાહિત્યના વિશિષ્ટ સ્થાન જણાવ્યું છે દરેક સર્જકની દૃષ્ટિએ ઈતિહાસ ભિન્ન ભિન્ન સ્વરૂપે પોતાની દ્રષ્ટિએ રજૂ કરતો હોય છે તેથી હેતુઓ અને ઉણપો રહી જતાં સિદ્દિધઓ સર કરે છે.

ઐતિહાસિક નવલકથાનું સર્જન વિશેષ પ્રમાણમાં મથામણ અને પરિશ્રમ માગે છે કેમ કે તે ઈતિહાસ લખતો નથી. પણ એક ઐતિહાસિક પ્રસંગોનું તથ્ય,સત્ય ઔચિત્ય જળવાઈ રહે તે માટે નવલકથાકાર ઈતિહાસ સાથે મોટી થોડી છૂટછાટ લઈ શકે છે પણ તે અવાસ્તવિક્તાનું દર્શન કે વર્ણન કરી શકે નહીં કેમકે કલ્પનાશક્તિ દ્વારા ઈતિહાસ કલા અને શાસ્ત્રોનો સુભગ સમન્વય સાધી શકાય. ઐતિહાસિક તથ્યને જાળવી રાખવા ઈતિહાસની ઘટનાઓ ને સર્જક કલ્પના શક્તિ દ્વારા રસાળ બનાવવા પ્રયત્ન કરે છે આવી નવલકથામાં ઈતિહાસનું તથ્ય કેટલું અને કથાનું તત્વ કેટલું એ અંગે ધૂમકેતુ જણાવે છે કે "ખીચડીમાં જેટલુંવ મીઠું હોય તેવું નવલકથામાં ઈતિહાસનું તત્વ માંનવુ તેથી વિદ્વાનોના અનેક મતમતાંતરો છે.

ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસનો અધાર લઈને રચાયેલી સત્ય,તથ્ય કલ્પના દ્વારા વાસ્તવિક ચિત્રણ છે કેટલીક ઘટનાઓ, પ્રસંગો અને પાત્રો દ્વારા તત્કાલીન ઈતિહાસ ખડો થતો હોય છે. પાત્રો તથા તેમના કાર્યો દ્વારા તત્કાલીન સમાજ ઉપર પ્રભાવ ઘટના અને પાત્રોનો એ જે તે સમયનો સંદર્ભ બધાને કલ્પના બળે સજીવ કરી અનોખી રસસૃષ્ટિ રચે છે. જે ભાવકની પાસે કૃતિ રૂપે આવે છે ત્યારે તેનું રૂપ ઈતિહાસ નહીં સાહિત્યકૃતિનું હોય છે. જે સમયની સંસ્કૃતિ, કાળ, સમાજને અને માનવીને આપણી સમક્ષ પ્રત્યક્ષ કરી આપે છે જે અતીતની અનેક ગાથાઓ, કલ્પનાના સંયોજનથી રોચક અને મોહક નીવડે છે. કનૈયાલાલે અન્ય સાહિત્યકૃતિઓની તોલે ઐતિહાસિક નવલકથાઓને આ રીતે સોળે કળાએ ખીલવી છે.

મુનશી અને ધૂમકેતુ બંનેએ સોલંકી વંશના ગુજરાત તરફ દૃષ્ટિ કરી છે. મુનસીની દ્રસ્ટીમાં સોલંકી યુગનું ગુજરાતી રંગીન રસમસ્ત અને માનવ હૃદયની રૂપાળી ભૂલો કરતું દેખાયું છે જ્યારે ધૂમકેતુને ગુજરાત ત્યાગ, વિશિષ્ટતા અને ભૂલો ન કરવાના આગ્રહવાળું દેખાયું છે સોલંકી યુગના ગુજરાતના મુનસીએ કલ્પ્યા છે, તેવા આનંદ-ઉલ્લાસ અને ભૂલેને કિનારે પહોંચી જતી વાસના નહોતા જ નહોતા સાથે-સાથે સોલંકી વંશના ગુજરાતના મુનસીએ કલ્પેલા રંગીન ગુણો હતા. મુનસીએ આજના યુગને સમજાય એવું વાતાવરણ ઐતિહાસિક નવલકથામાં ઉપસાવ્યું છે એ વાતાવરણ જે તે સમયની રહેણી-કરણી, વિશિષ્ટતાઓ તે સમયની કલા, રચના, પહેરવેશ અને રીત-રિવાજોના વર્ણન દ્વારા જીવંત બનાવ્યું છે. માનવીના રસ, શૃંગાર વીર કે હાસ્ય વગેરે જે તે યુગના છે. જે તે સમયની વિશિષ્ટ છાપ ઉપસાવી શક્યા છે. જે ઈતિહાસ પ્રત્યેની વફાદારી છે. આમ, વીસમી સદીના બીજા દસકામાં મુનશીની ઐતિહાસિક નવલકથાઓએ ઉચ્ચ કલા સ્વરુપ ધારણ કર્યું. એટલું જ નહીં, પરંતુ પૂરો આકાર ન પામેલી એક ઐતિહાસિક નવલકથાને મુનસી દ્વારા સ્વતંત્ર ગુજરાતીપણું મળ્યું અને ત્યાર પછી તો સામાજિક નવલકથાની સામે ઐતિહાસિક નવલકથાઓ પણ ગુજરાતી સાહિત્યને બહુ જ મહત્ત્વ વિભાગ થઈ પડી છે આમ, મુનશીની નવલકથાઓમાં ગુર્જર અસ્મિતાનું અભિમાન જરૂર દેખાઈ આવે છે.

મુનશીની પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ રાજાધિરાજ એ સોલંકી યુગની વિશેષ કિર્તીદા કૃતિઓ છે. પાટણની પ્રભુતામાં જયસિંહદેવના રાજ્યરોહણના પ્રસંગથી આરંભાતી કથા ગુજરાતના નાથમાં જયસિંહ સોરઠ અને લાટ પર પ્રભુત્વ મેળવી રાજ્ય વિસ્તાર સાથે રાજાધિરાજ પદ પામે છે, ત્યાં પૂરી થાય છે. આ ઉપરાંત જય સોમનાથ તેમજ ભગ્ન પાદૂકા પણ સુવર્ણયુગની સંધ્યાની કરૂણાકથા છે. ગુજરાતના રાજપૂત યુગના ઈતિહાસની ઘટનાઓ પર આધારિત નવલકથા તો પૃથ્વીવલ્લભ અને ભગવાન કૌટિલ્યમાં માળવા અને મગધની ઘટનાઓનું ઐતિહાસિક નિરૂપણ આબેહૂબ જોવા મળે છે.

ધૂમકેતુની ચૌલાદેવી ખૂબજ આકર્ષક રૂપરંગ અને વર્તને તદ્દન ભીન્ન જોવા મળે છે જ્યારે જય સોમનાથમા મુનસીએ ચૌલાદેવીની એક વિસ્મરણીય મોહક મૂર્તિ ખડી કરી દીધેલી જે નવલકથા તરીકે તેજસ્વી પાત્રો પૂરા પાડ્યા છે. મુનસીના પાત્રોમાં કાક અને મંજરી, મીનળ અને મુંજાલ, મુંક અને મૃણાલ જેવા અનેક પાત્રો ગુજરાતની જનતાને હૈયે ચિરકાળ માટે વસી ગયા છે લોહીમાંસમાંથી ધબકતા એવા જ ઉત્કટ આવેગથી ધકેલાતી ચિત્તહર આકારવાળી પાત્ર સૃષ્ટિ નજરે પડતા જ વાંચકને મુગ્ધ કરી દે છે પાત્રોના મુખમાંથી બોલાતા ટૂંકા અને સચોટ વાક્યો હાલ લાકડીના દાવ જેવા ધારદાર સંવાદોમાં એલેક્ઝાન્ડર ડુમાની અસર જોવા મળે છે.લાંબા વાક્યોથી ભરેલી ભાષા સામે ટૂંકા અને સચોટ વાક્યો દ્વારા મધુર ભાષાનું જાદુ અદ્દ્ભુત છે. જેમ કે -આપ રાજ સેવક નથી રાજ્યના ભાગ્યવિધાતા છો. ભય વિના પ્રીતિ સાંભળી છે? કુસંપ કરતાં સંપ કરવો વધારે કઠણ છે. પૃથ્વી વલ્લભ ગભરાય તો પૃથ્વી રસાતાળ જાય ગાંડા ! મારૂ મૃત્યુ હું જન્મ્યો ત્યારનું નક્કી થયું હતું તેમાં તમે શું કરી શકો ? મુંજાલ તો એની મઢૂલી જ સંભાણશે, છો છોકરા ! શો પ્રભાવ !એવો પુત્ર હોત તો ઈકોતેર પેઢી તારે. મુનશીની નવલકથાઓમાં સર્જક તરીકેનો ધન્યત્તમ,ઉન્મેષ ઐતિહાસિક નવલકથામાં થતો જાય છે. પણ સોનાની થાળીમાં લોઢાની મેખ જીવ કોઈ દોષ પાત્ર તત્વ હોય તો તે મુનશીની ઐતિહાસિક નવલકથાઓમાં અમુક અંશે ભાવનાગત રીતે કાળવ્યુત્ક્રમનો દોષ જોવા મળે છે. અલ્પ સંખ્ય નવલકથાઓમાં ઐતિહાસિક સમર્થ નવકકથાકાર તરીકે મુનસીનું નામ માન પુર્વક મૂકી શકાય તેમ છે. ધનશ્યામ ઉપનામથી નવલકથાનું લેખન કરનાર મુનસીએ બહુચર્ચિત અને લોકહૃદયને ઘેલું લગાડનાર ઐતિહાસિક નવલકથાઓ આપી છે.

## સંદર્ભસૂચિ

1. સાહિત્ય સ્વરૂપો-કુંજવિહારી મહેતા પૃ-૧
2. સાહિત્ય સંકેત-મોહંલાલ પટેલ પૃ-૪૦
3. સાહિત્ય અને ચિંતન -રમણલાલ વ. દેસાઈ પૃ-૪૪
4. અ.ગુ.સા.નો.ઈતિહાસ-ધીરૂભાઈ ઠાકર પૃ-૧૮૨